# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ :૧ અંક : ૯ ઓકટોબર, ૧૯૯૯



સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


## જળ સમસ્યા અને તેના ઉપાયો

તમે અનુભવ્યુ હશે કે ચોમાસાનો મુશળધાર વરસાદ પડતો હોય ત્યારે ઘરના નેવાનુ કે ખેતરનુ પાણી નાના વોકળા, મોટા વોકળા કે નદી વાટે થઈને દરિયામાં ચાલ્યુ જાય છે. વરસાદ બંધ તથા પછી ગામ લોકો બહાર જોવા નિકળે છે અને વહી જતા પાણીને જોઈને આનંદની લાગણી અનુભવે છે. પણ જયારે દિવાળી જાય અને શિયાળાની શરૂઆત થાય કે ખેડૂતો પાક પિયત આપવા લાગી જાય છે મનફાવે તેમ પિયત આપીને પાણીનો બગાડ કરે છે. ઉનાળાની શરૂઆત થાય કે તરત જ ખેડૂતો મુંઝાય છે. કુવામાં પાણી ઓછુ થઈ જાય છે ત્યારે ખેડૂતોને પાણીની કિમંત સમજાય છે. અને ફરી ચોમાસા શરૂ થાય કે તરત વિસરાય જાય છે. આ પાણીને રોકવા કોઈ વિચારતુ નથી. જેને સમજવા સામાન્ય ઉદાહરણોથી આપણે ચિંતન કરીએ.

ઘરમાં આપણે ખાંડ વાપરતા હોઈએ છીએ ઘરમાં વડીલ જરૂરીયાત મંજબ ખાંડનુ પાત્ર ભરી દે છે. પાત્રના અંત સુધી આપણે એ ખાંડ વાપરીએ છીએ. પણ જો પાત્રમાં ફરી ખાંડ નાખીએ જ નહી તો શું આપણે પાત્ર પાસેથી ખાંડની અપેક્ષા રાખી શકીશુ ? આવી જ વાત જળની છે. જો આપણે સતત તળ માંતી પાણી ખેંચીશું તો એક દિવસ તળ ખાલી થઈ જશે. જેથી તેમાં ડમ,ચેકડમ,નાલા પ્લગ, ખેત તલાવડી, કૂવારીચાર્જ દ્વારા પાણી નાંખવાની (રિચાર્જ કરવાની) જવાબદારી આપણી છે. જો પ્રતિવર્ષ આ ચક્ર ચલાવતા રહીશુ તો આપોઆપ પાણીની સમસ્યા હલ થશે. અને સામાન્ય સ્થિતિમાં આપણે પાણી વાપરી શકીશું વળ સમસ્યા નિવારવા બવજો એક ઉપાય છે કરકસર તો આપણે પાણી કરકસર પુર્વક વાપરીવુ જોઈએ ગાંધીજી એક દિવસ વહેલા ઉઠી કાર્યકર્તાઓ સાથે સાબરમતી નદીના કિનારે મો ધોવા ગયા. એક લોટો પાણી ભરી જોડા દૂર જઈ મો સાફ કરે છે. ોલટામાં પાણી વધે છે તે પાછુ નદીમાં ઢોળી દે છે આ જોઈ સાથી કાર્યકતા કહે છે બાપુ આવડી મોટી નદી વહી જાય છે તેમાંથી તમે એક લોટો પાણી લીધુ અને વળી વધ્ય તે પાછુ નદીમાં ઢોળી દીધુ એનાથી શું ફરક પડવાનો છે? આ પાણીતો આપણા માટે જ છેને ગાંધીજીએ કહયુ ના આ પાણી આપણા માટે નથી બધા માટે છે. આમ આપણે ખેતીના વપરાશમાં વીવીધ પિયત પધ્ધતિઓ(ફુવારા, ટપક પિયત પધ્ધિતીનો)નો ઉપયોગ કરી આપીણીની આપણે કરકસર કરવી જોઈએ.પાણીને બગડતુ અટકાવવુ જોઈએ.

મનસુખભાઈ વસ્તાણી વડલી ગામે શિક્ષક છે. અને તે નજીકના ટીબી ગામે તેમના ચાર શિક્ષક મિત્રો સાથે રહે છે. સંસ્થાના સાથી શ્રી પ્રકાશભાઈ ભટીને તેમણી જણાવ્યુ કે આ વરસે વરસાદ ખૂબ ઓછો થયો છે. વર્તમાન પત્ર હાથમાં લેતા મોટાભાગના સમાચાર જળ સમસ્યા પર હોય છે ટીબી ગામમાં પણ પાણીની અત્યારથી જ મુશ્કેલી થવા લાગી છે. જાગ્યા ત્યારથી સવાર માની અમે પાણીની કરકસર શ૧ કરી દીધી છે રસોઈમાં પણ અમે જરૂર પુરતા વાસણો ઉપયોગ કરીએ છીએ જેથી વાસણ ઓછા ધોવા પડે અને પાણી ઓછુ વપરાય આ વિચારોની પ્રેરણા લઈ આપણે પણ જળ સંકલ્પ નિવારવા કમર કસીએ.

સંસ્થા દ્વારા ખાંભા તાલુકાના પીપરીયા ગામે વોટરશેડ અંતગર્ત જળસંચયના ઘણા કામો થયા છે. આ વરસે ખૂબ ઓછો વરસાદ થયો છે. પાણી પણ ખેતર બહાર ઓછુ નિકળ્યુ તેમ છતા જે સફળતા મળી છે તે ખેડૂતોના મુખે સાંભળીએ.

સુખાભાઈ ભગવાનભાઈ સોસા—મારા ખેતર પાસેના વોકળ ામાં કાચુ નાલાપ્લગ બનાવ્યુ થોડો વરસાદ થયો છતા ગામતળ અને રસ્તાનુ બે કિ. મી. સુધીનુ પાણી નાલાપ્લગમાં આવ્યુ અને તે ભરાઈ ગયુ જેના કારણે મારો કૂવો છલકાયો પહેલા માત્ર બે વિઘાનુ પિયત થતુ એને બદલે હજે તે ૧૨ વિઘા જમીનમાં પિયત થતા કૂવામાં પાણી પડી રહયુ છે આજ નાલાપ્લગ ભરાવાના કારણે કાજુમાં પ્રાગજીભાઈ અરજણભાઈનો કૂવો પણ ભરાઈ ગયો તેમાં પાણી ખુટતુ નથી તેને ૧૫ ઘિ જમીનમાં પિયત થાય છે. અને બાજુના ખેતર વાળાને પિયત માટે પાણી ભાડે આપે છે. વરસાદની તંગી છતા ૪૨ વિઘાનો ભાગ બચી ગયો જેની અંદાજીત કિમંત ૧.૫ લાખથી પણ વધુ થાય. નારણભાઈ દેવસીભાઈ – મારા ખેતરની બાજેના વોકળામાં પાકુ નાલાપ્લગ બનાવ્યુ આ નાલાપ્લગમાં ૨૦ વિઘા પડતર ડુંગરાનુ પાણી આવવાને કારણે તે છલકાય ગયુ જેનાથી તેમનો કૂવો ઉભરાયો પહેલા માત્ર એક વિઘાનુ પિયત થતુ તેમા આજે પોતાનુ ૧૦ વિઘા જમીનમાં પિયત થવાથી કપાસનો પાક બચી ગયો. જેને અંદાજીત કિમંત રૂ. ૫૦ થી ૬૦ હજાર થાય

આમ આ કામોના ખર્ચનુ વળતર લાભાર્થીઓને પહેલા વર્ષે જ મળી ગયુ.

**વિકાસની કેડી**કોટડા ગ્રામિણ સંગઠનના અધ્યક્ષશ્રી મોહનભાઈ કોઠીયાએ ચિરંતતા પરની તાલીમમાં પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યુ કે શિક્ષણ કેન્દ્ર(ઈએસસી) જુથોના કાયમી ટકાઉપણા પર સતત અમને કહયા કરે છે. જે વાત અમને ગળે ઉતરતી ન હતી કારણ કે હું પંચાયતમાં તથા મંડળ ીમા તથા અન્ય સંગઠનોમાં રહી ચુકયો છુ સંગઠનો ચલાવવા ખુબ જ અઘરા છે. સંગઠનના સભ્યો તથા તંત્રોની ઉદાસીનતાના કારણે સૌ હતાશ થયા છે ત્યારે શિક્ષણ કેન્દ્રમાંથી ધીરુભાઈ અને તેની ટીમ ગામડે આવતી ત્યારે અમને પણ લાગતુ કે થોડો સમય આ લોકો વાતો કરશે. થાકી જશે એટલે આવતા બંધ થશે. પરંતુ આજે અઢી વરસ પછી ગામુ ગામથી આટલી મોટી સંખ્યામાં સંગઠનના આગેવાનો સંગઠનની જાળ વણી અને ટકાઉપણા પર ચર્ચા કરે છે. અને તલસ્પશીપાસાઓ નો અભ્યાસ કરી આગળ વધી રહયાછે ત્યારે માનવામાં ન આવે તેવુ બની રહયાનો અહેસાસ થાય છે યોજનાનો ભંડોળ તો ગામમાં નહિવત આવ્યુ છે પણ પરિણામો તેનાથી લાખગણા વધુ આવ્યાછે તે જોઈને લોકોને પણ આ સંગઠનો દ્વારા ચાલતા વિકાસ કામોમાં વિશ્વાસ બેઠો છે. સંસ્થા જે રીતે અગ્રતાક્રમ આપી કામગીરી ગોઠવીને સફળતા તરફ જઈ રહી છે. તે જોઈને ચોકકસ એમ થાય કે દરેક કામને લોકો સાથે ચર્ચા કરી તબકકાવાર મુકવાથી પરિણામ મેળવી શકાય.

**સ્વનિર્ભર જુથની સક્રિયતા** શ્રીજીજુથ – પચપચીયાને એક વર્ષ પૂર્ણ થયુ. વર્ષ દરમ્યાન બચત ધિરાણની કામગીરી કરી જુથના સભ્ય બહેનોએ ગામના વિકાસના અન્ય પ્રશ્નોની ચર્ચા કરી તેમાં પીવાના પાણી, આરોગ્ય અને શૈક્ષણિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુથના સભ્યશ્રી કમળાબેન એ પલતાના પતિના અકસ્માતને કારણે તેની સારવાર માટે ધિરાણ માંગ્યુ. મારા પતિને નવ ઓપરેશન કર્યા છે ખૂબ ખર્ચ થયોછે હજી એક ઓપરેશન કરવુ જરૂરી છે તેને માટે ધિરાણની જરૂર છે. જુથમાં તેની ચર્ચા કરવામાં આવી હાલમાં જુથ પાસે બચતની જે રકમ છે તે અગાઉ ધિરાણ તરીકે અપાય ગઈ છે અને જુથ પાસે કોઈ મોટુ ધંડોળ પણ નથી તેથી આ બહેનને ધિરાણ આપવુ કેમ? પણ બહેનોએ આ કુટુંબને કંઈ રીતે ઉપયોગી થઈ શકાય તેની ચર્ચા કરી જેમાં તેમના બાળકોને યુનિર્ફોમ વિના સ્કુલમાં પ્રવેશ આપતા ન હતા તેવી વાત થઈ તો દરેક બહેનોએ એક જ સાથે જણાવ્યુ કે મંડળની વ્યાજની આવકમાંથી આ બાળકોને આપણે યુનિર્ફોમ આપીએ. કમળ ાબહેનના બાળકો શાળાએ જતા થયા. જુથની બહેનોએ ગામના લોકોને પણ અપીલ કરી કે આ કુટંબને તેના કપરા સમયમાં યથા યોગ્ય ફાળો આપે. આ પ્રસંગે જુથની સભ્ય બહેનોએ જુથના વ્યાજની આવક ગામના વિકાસ કાર્યો માટે વાપરવાનુ નકકી કર્યું.

**જુના જમાનાની વાતો** ખાંભા તાલુકા પીપરીયા ગામના ૭૦ વર્ષના વશરામભાઈ કેશુભાઈ ગામની જુની વાતો કરતા કહે છે કે પીપરીયા ગામ માલણ નદીને કાંઠે આવેલુ છે. પરંતુ હાલ પાણીની તંગી પડે છે. ૨૦ વર્ષ અગાઉ આ નદીમાં બારે માસ પાણીનુ વહેણ રહેતુ. પીવાનુ પાણીનો ઉપયોગ નદીમાંથી કરતા પશેઓ નદીએ બારેમાસ પાણી પીતા. ૫૦ વર્ષ પહેલા દુષ્કાળ પડેલો ત્યારે પણ વિરડો કરે તો પાણી તો નદીમાંથી મળી રહેતુ જે જીવતો માલણ હવે વરસાદ જાય એટલે એક મહિનો પાણી રહે અને ઉનાળ ામાં રેતી ઉડે છે.પશુ પાલનમાં એક એક ઘરે ૧૫ જેટલા પશુઓ હતા. દૂધ ઘી પુશકળ હતુ. એ જમાનામાં પશુઓ છ મહિનાતો સીમમાં ચરતા ડુંગરોમાંથી ઘાસ મળી રહેતુ એ ડુંગર અત્યારે ટેકરો બની ઉભા છે. ખેતીમાં શંકર જાતો ન હતી. દવા છાંટવાની તો વાત જ કયા કરવી, મઠીયો દેશી કપાસ, તલ, જુવાર, બાજરો, કળથી વાવતા અને ઘર પુરતુ અનાજ ૧ તેલ બળતણ વિ. અહિં જ મળતુ. મહેમાનો આવતા તો બે બે દિવસ રોકાતા ભાત અને ગોળ અથવા અડદની દાળ સાથે ઘી નાંખી ચુરમુ ખાતા હવે તો શીખુડ, રસ, પુરી, રવો, દાળભાત, પાપડ અને વળી રાત્રે પંખે જ મહેમાનોને સુવાડવા.

**લાસા ગામે તળાવ ઉંડુ ઉતાર્યુ** ૧૨ સપ્ટેમ્બરના રોજ ખાંભા તાલુકાના લાસા ગામે લોકો નવરાશના સમયે બપોરે બે જુથમાં ગંજી પતો ટીપતા ઘણા યુવાનો ઓટલે બેસી ગપાટા મારતા એવામાં ચંદુભાઈ રૈયાણીએ વાત કરી કે નવરા હોઈએ તો ઘરના ફળીયામાં ખાટો કરી વરસાદના પાણીને ખાડામાં ભરી મૂલ્યવાન પાણીને વહિ જતા અટકાવવુ જોઈએ જુથે કહયુ આ કામ મુશ્કેલ અને મહેનત માંગી લે તેવુ છે. આ સાંભળી ચંદુભાઈ એ કહયુ કે આ ગામનુ તળાવ ઉંડુ ઉતરીએ તો ? યુવાનો તૈયાર થયા બીજા દિવસે સવારે ૨૦ યુવાનો અને ૫ ટેકટર કામે લાગી ગયા બપોર બાદ બીજા ૫ ટેકટર આવ્યા. પાળો એક ફૂટ જેટળો ઉંચી કરી દીધો આમ સમુહ ભાવનાથી કામ પુરૂ કયુ

## પ્રતિભાવો

'ટપક' ઓગષ્ટ અંક ટપકી પડયો અને આનંદ આશ્ચર્ય થયુ સમાજમાં રચનાત્મક ક્ષેત્રે ચાલી રહેલી નાના છતા મ'તવની પ્રવૃતિઓની માહિતી સંપાદન કરીને આપવાનો તમારો નુતન અભિગમ ગમ્યો છે. અભિનંદન

**રાજુ – દિપ્તી જુના કોબા**

'ટપક'સમાજના વિવિધ પાસાઓની સાથે જળસંગ્રહ અને મહિલા વિકાસમાં ખાસ ધ્યાન આપેછે તે અભિનંખનને પાત્ર છે.

**તેશ મહેતા – પારૂલ વ્યાસ,**

'ટપક' દ્વારા અમને ઘણુ બધુ પાણી બાબતે જાણવા મળે છે. અને અન્ય આપની માહિતીથી પણ અમને જાણકારી મળે છે.

**કનુ લકુમ – ગ્રુપ**

**ગમ્યુ તે કહેવુ ન ચુકીએ**

## સ્વસહાય જુથ

### ભાડ

૬ સપ્ટેમ્બરના રોજ ભાડ ગામના બહેનોના જુથની મીટીંગ મળી રમીલાબેનને ઈમીટેશનનો વ્યવસાય કરવા માટે મંડળ માંથી રૂા.૫૦૦ ધિરાણ મળ્યુ ત્યારે તેમણે કહયુ કે હુ આ જુથમાં જોડાઈ તો મને આ વ્યવસાય કરવાની તક મળી. એકત્ર થયેલ બચત રૂા. ૪૦૦૦ /– બેંકની ખાંભા શાખામાં ૭ સપ્ટેમ્બરના રોજ જમા કરાવી.

### આંબલીયાળા

૭ સપ્ટેમ્બરના રોજ આંબલીયાળા ગામે ચાલતા બે સ્વસહાય જુથોની સાથે મીટીંગ મળી બન્ને જુથોએ સાથે મળી નિર્ણય લીધો કે આપણે અક્ષર જ્ઞાન મેળવવુ જોઈએ. કાંતુબેન રણછોડભાઈ મકવાણાએ કહયુ કે આપણા જુથમાં બહને અભણ ન રહેવી જોઈએ. કાલથી જ ભણવાનુ શરૂ કરી દેવુ છે. ભણવવા માટે દેવુબેન સોમાતભાઈ મકવાણા તૈયાર થયા છે.

### વાંકિયા

૨૦ સપ્ટેમ્બર રાજ વાંકિયા ગામે સ્વસહાય જુથની મીટીંગ મળી જેમાં હુસાબેન બગડાએ જણાવ્યુ કે ઘરકામ અને અન્ય સામાજીક કારણોને લીધે એકબીજાના ઘરે જઈ શકતા ન હતા. પરંતુ મંડળ બનવાથી દરેક બહેનોદર મહીને મળીએ છીએ અનેનવી નવી વાતો લાવી દરેક બહેનોને જાણકારી આપી પ્રગતિના પંથે આગળ ચાલી રહયા છીએ ગામમાં એક બચત મંડળ બનયુ હતુ તેમાં ઝગડો થતા બંધ થઈ ગયુ પરંતુ અમારા જાગૃતિ બચત મંડળની રચનાની જાણકારી મેળવી ગામમાં ભરવાડની ૧૭ બહેનોએ ભેગા મળી જુથ બનાવ્યુ.

### જીકીયાળી

૨૩ સપ્ટેમ્બરના રોજ જીકીયાળી ગામે સ્વસહાય જુથ બનાવવા માટે મીટીંગ મળી જેમાં ૭ બહેનો તૈયાર થઈ અને મંડળ બનાવ્યુ જુથની બહેનોએ જણાવ્યુ કે ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળી અન્યાય સામે લડીશુ અને ગામના પ્રશ્નોની ચર્ચા કરીશુ. અમે અત્યારે ૭ બહેનો છીએ ટુક સમયમાં અમે ૭૦ બહેનોને આ કામમાં જોડીશુ તેવો વિશ્વાસ ઉભો થયો છે.

### સાળવા / પીપળવા

સાળવા મુકામે તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ બહેનોના જુથની બેઠક મળી જેમાં નવા ચાર બહેનો જોડાયા. તા. ૨૬/૯/૯૯ નારોજ પીપળવા મુકામે શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દ્વારા સ્વસહાય જુથની મીટીંગ યોજવામાં આવેલ જેમાં સંસ્થાના કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી મંડળ બનાવવા વિશે માહિતી આપેલ અને તેના અનુસંધાને ૧૮ બહેનો મંડળમાં જોડઈ. તેને લગતા નિતિ નિયમો પણ બહેનોએ બનાવ્યા છે. શ્રી કાંતિભાઈ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## યુવતિ વિકાસ કેન્દ્ર અમરેલી

૨૧ સપ્ટેમ્બરના રોજ લોહાણા કન્યા છાત્રાલયમાં જુથ કાઉનસેલીગ યોજવામાં આવેલ જેમાં ૨૫ બહેનો જોડાઈ હતી. આરોગ્ય તેમજ જેન્ડર(લીંગભેદ) પર ચર્ચા યોજાઈ હતી. જેમાં સોનલ ઠકકર એ જણાવ્યુ હતુ કે અમારા જ ઘરમાં સ્ત્રી કે છોકરી ને શુ ખબર પડે તેમ કહી તેમની વાત પર ઘ્યાન અપાતુ નથી. કુ. ઈલા વસાણીએ કહયુ કે અખબારમાં સ્ત્રી અન્યાયના દરરોજ કિસ્સાઓ વાંચવા મળે છે. તો તે માટે કાયદાકીય જાણકારીની અપેક્ષા આ કેન્દ્ર પાસે રાખીએ છીએ.

પીપળવા મુકામે જુથ કાઉન્સેલીગ યોજવામાં આવેલ જેમાં ૧૩ થી ૨૦ વર્ષની યુવતીઓએ શરીરના અવયવદની સંભાળ કઈ રીતે રાખવી તેમજ કૃમિ, ક્ષય, કોલેરા, મેલેરીયા જેવા રોગો થતા અટકાવવા માટેની માહિતી મેળવેલ છે.

### ક્ષેત્રિય તાલીમ

શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર સાથે સંકળાયેલા ગ્રામિણ કાર્યકર્તાઓમાં નેતૃત્વ, સહભાગીતા, સંગઠનનુ કાયમી ટકાઉ પણુ વિ. બાબતોનસ સમજ ઉભી કરવા તા.૧૧–૧૨ સપ્ટેમ્બરના રોજ એક તાલીમ કાર્યશાળા યોજવામાં આવી જેમાં વોટરશેડ સંગઠનના પ્રમુખશ્રી / મંત્રીશ્રી / સ્વયંસેવકો ઉપરાંત અવૈધિક શિક્ષણના સંચાલકો, સ્વનિર્ભર જુથના આગેવાન ભાઈ – બહેનોએ ભાગ લીધો હતો. તાલીમનુ સંચાલન શ્રી વી.સી.ગોવિંદીયાએ કર્યુ હતુ.

### મહિલા ખેડૂત તાલીમ

૬ – ૧૦સપ્ટેમ્બર ' ૯૯ દરમ્યાન અમરેલી ખેડૂત તાલીમ કેન્દ્ર પચપચીયા તથા સાળવા ગામની ૨૯ બહેનોએ મહિલા ખેડૂત લક્ષી તાલીમ મેળવી હતી. આ તાલીમ રાજ્ય સરકારશ્રી તથા નેધરલેન્ડ પ્રોજેકટના સહયોગથી યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થી બહેનોને જુનાગઢ ખેતીવાડી કેમ્પની કામગીરી દર્શાવવામાં આવી. કૃષિ મંત્રીશ્રીના હસ્તે આ બહેનોને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવયા. તાલીમાર્થીઓ લગત વ્યવસ્થા કુ. પૂર્વી ત્રિવેદીએ સંભાળ ી હતી.

**રિચાર્જીંગ** અમરેલી જિલ્લાના કુંકાવાવ તથા અમરેલી તાલુકામાં સંસ્થા દ્વારા રિચાર્જીગની કામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સહયોગથી હાથ ધરાવામાં આવી જેમાં વડીયા, સુર્યપ્રતાપગઢ સારીંગપુર, ભુખલી સાંથલી અને અમરાપુર ગામે ચેકડેમ બનાવવામાં આવ્યા તરવડા, નાની કુંકાવાવ તથા નવા ઉજળા ગામે ભૂગર્ભટાંકા બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. સંસ્થા દ્વારા થયેલ આ કામગીરીથી ઓછા વરસાદના કારણે પણ આસપાસના ખેડૂતોને ચોમાસુ પાકમાં લાભ થયો છે. પીવાના પાણીની તંગી ભૂગર્ભટાંકા બનાવવાના કારણે જેતે લાભાર્થીઓને નડી નથી.

**સુકી ધરામાં, મેહુલીયો મંડાય, ભીંજવે મન.**

**જાયન્ટસ ગૃપ ઓફ સાહેલી**

જાયન્ટસ ગૃપ ઓફ સાહેલી – રાજુલા દ્વારા વાવેરા ખાતે શિક્ષણદિન ઉજવવામાં આવ્યો. જેમાં ૪૦ બાળકોએ ભાગ લીધો. સારો દેખાવ કરનાર ૩ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા. બાકીના ૩૬ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા. ગાંધી મંદિર રાજુલા ખાતે હિન્દુસ્તાન પેસ્સિલ્સ લિ. મુંબઈના સહયોગથી પોલીયો નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ જેમાં ૪૨ દર્દીઓએ ભાગ લીધો હતો. ૨૧ દર્દઓને ઓપરેશન / કેલીપર્સ માટે ભાવનગર જવા સલાહ આપવામાં આવી.

શિયાળબેટ ટાપુ ખાતે મેટડીસ્ટ ઈન્ડસ્ટ્રીઝ લિ. ના સહયોગથી મેડીકલ ચેક અપ તથા નશા મુકિત કેમ્પનુ આયોજન કરેલ કુલ ૨૮૫ દર્દીઓએ કેમ્પનો લાભ લીધેલ ૧૪ વ્યકિતઓને નશા મુકિત માટે દવા આપેલ અને આગળની સારવાર માટે દર્દીઓને વિરનગર હોસ્પિટલ ખાતે જવા સલાહ આપવામાં આવી હતી. શિયાળબેટ ખાતે તેના ઈતિહાસમાં પહેલીવાર એક સાથે આઠ વિશિષ્ટ ડોકટરોએ સેવા આપેલ છે. ૧૭–૨૩ સપ્ટે.'૯૯ દરળમયાન જાયન્ટસ વીક ઉજવવામાં આવ્યુ. જેમાં વિવિધ પ્રવૃતિઓના આયોજન કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત માહિતી જાયન્ટી ગૃપ ઓફ સાહેલી રાજુલાના ડાયરેકટ ઓફ એડમિનીસ્ટ્રેશન મયુર શાહ દ્વારા પ્રાપ્ત થઈ છે.

**જેન્ડર અને વિકાસ પ્રશિક્ષણ તાલીમ કાર્યક્રમ**

૭–૧૧ સપ્ટેમ્બર 'આનંદી'એ યોજેલ ભાવનગર મુકામે જેન્ડર અને વિકાસ પ્રશિક્ષણ તાલીમમાં સંસ્થાના પ્રતિનિધિ શ્રી ચંદુભાઈ રૈયાણી અને ભારતીબેન પટેલએ ભાગ લીધો હતો. ગ્રામિણ બહેનોના મેળાવડાના આયોજન માટે ૧૮ સપ્ટેમ્બરના રોજ પ્રોગ્રામ કમીટીની બેઠક મળી જેમાં સંસ્થાના યુવતિ વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટર કુ. દયા ચૌહાણ ઉપસ્થિત રહયા હતા.

**ગીર ફાઉન્ડેશન**

તા. ૫/૧૦/૯૯ ના રોજ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગર ખાતે યાર ફાઉન્ડેશનની સામાન્ય સભા રાખવામાં આવેલ છે. જેમાં વિવિધ વિકાસલક્ષી કામગીરીઓની ચર્ચા હાથ ધરવામાં આવશે.

**માનસીક અસ્વસ્થ ભગિનિ મંદિર**

ગુજરાત રકત નિવારણ સેવા સંઘ વડોદરા દ્વારા વિકલાંગ અને રકતપિત માંથી રોગ મુકત ભાઈ બહેનોને પગ ભર બનાવવા સ્વરોજગાર અર્થે સાધન સહાય કાર્યક્રમ ૧૫ સપ્ટેમ્બરના રોજ યોજાયેલ. માનસીક અસ્વસ્થ ભગિનિઓ માટે તૈયાર કરવામાં આવેલ નવા મકાનમાં તેમને મંગલ પ્રવેશ આપવામાં આવ્યો.

**રૂપાયતન – રોટરીકલબ અમરેલી**

અમરેલીના વિદ્વાન પ્રા. ડો. વસંતભાઈ પરીખની ષષ્ટિપૂર્તિ નિમિતે તેમના સન્માનમાં શરૂ થયેલ વ્યાખ્યાન માળાનો મણકો ૧૮–૧૯ સપ્ટેમ્બરના રોજ સંપન્ન થયો. આ વ્યાખ્યાન માળામાં યોજાનાના પ્રણેતા ડો. અનીલભાઈ કાણેએ 'કલ્પસર' ગુજરાતની કાયાપલટ કરનાર વિરાટ પ્રકલ્પ અને સાંપ્રત સમાજના અધઃપતનના મૂળ કારણો વિષય પર ચર્ચા કરી હતી. સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ અને રોટરી કલબાના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો.

**અવાજ**

ગુજરાતમાં સ્ત્રીઓ પર થતા અત્યાચારો સંદર્ભ ન્યાયિક પ્રક્રિયા વિશે ' અવાજ ' દ્વારા થયેલા અભ્યાસ તારણો અને ભલામણો ગૃહમંત્રીશ્રી હરેન પંડયા સમક્ષ રજુ કરવા બાબતે ગાંધી લેબર ઈન્સ્ટીટયુટ, અમદાવાદ ખાતે ૨૫ સપ્ટેમ્બરના રોજ સેમીનાર યોજાયો. તા. ૫ થી ૯ ઓકટોબર દરમ્યાન 'અવાજ' દ્વારા અમદાવાદ યુવતિ વિકાસ કેન્દ્રના કો – ઓર્ડીનેટર માટે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere (ESC) and Printed at Shakti Offset - Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia, Amreli

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

પ્રતિશ્રી, ______________________

ESC
ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**રોકીને પાણી, બાંધીલો પાળ તાણી, વાત છે શાણી**